**પ્રધાનમંત્રીએ ચીનના તિયાનજિનમાં 25 મા SCO શિખર સંમેલનમાં ભાગ લીધો (01 સપ્ટેમ્બર, 2025)**

01 સપ્ટેમ્બર, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 31 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર 2025 દરમિયાન ચીનના તિયાનજિનમાં યોજાયેલ શાંઘાઈ સહયોગ સંગઠન (SCO)ના રાષ્ટ્રાધ્યક્ષોની પરિષદની 25 મી બેઠકમાં ભાગ લીધો હતો. આ શિખર સંમેલનમાં SCO વિકાસ વ્યૂહરચના, વૈશ્વિક શાસનમાં સુધારા, આતંકવાદનો વિરોધ, શાંતિ અને સુરક્ષા, આર્થિક અને નાણાંકીય સહયોગ તેમજ સ્થાયી વિકાસ પર લાભદાયી ચર્ચાઓ થઈ હતી.

2. શિખર સંમેલનને સંબોધતા, પ્રધાનમંત્રીએ SCO માળખામાં સહયોગને મજબૂત બનાવવાના ભારતના અભિગમ પર પ્રકાશ પાડ્યો હતો. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ભારત ત્રણ સ્તંભો - સુરક્ષા, જોડાણ અને તક હેઠળ વ્યાપક કાર્યવાહી ઇચ્છે છે. શાંતિ, સુરક્ષા અને સ્થિરતા એ પ્રગતિ અને સમૃદ્ધિની ચાવી છે તે વાત પર ભાર મૂકતાં, તેમણે સભ્ય દેશોને આતંકવાદનો તેના તમામ સ્વરૂપોમાં સામનો કરવા માટે દૃઢ અને નિર્ણાયક પગલાં લેવા હાકલ કરી હતી. પ્રધાનમંત્રીએ આતંકવાદી ભંડોળ અને કટ્ટરપંથીકરણ સામે સંકલિત કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પહલગામ આતંકવાદી હુમલા પછી સભ્ય દેશોના મજબૂત સમર્થન બદલ આભાર માનતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ સામે લડવામાં કોઈ બેવડા ધોરણો ન હોવા જોઈએ અને તેમણે આ જૂથને સરહદ પાર આતંકવાદને પ્રોત્સાહન અને સમર્થન આપતા દેશોને જવાબદાર ઠેરવવાનો આગ્રહ કર્યો હતો.

3. વિકાસને પ્રોત્સાહન આપવા અને વિશ્વાસ નિર્માણ કરવા માટે કનેક્ટિવિટીની ભૂમિકા પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત ચાબહાર બંદર અને આંતરરાષ્ટ્રીય ઉત્તર–દક્ષિણ પરિવહન કોરિડોર જેવા પ્રોજેક્ટને મજબૂત સમર્થન આપે છે. તેમણે સ્ટાર્ટ–અપ્સ, નવીનતા, યુવા સશક્તિકરણ અને સહિયારા વારસાના ક્ષેત્રોમાં તકો વિશે પણ વાત કરી, જેને SCO હેઠળ અનુસરવા જોઈએ. પ્રધાનમંત્રીએ આ જૂથમાં એક સભ્યતા સંવાદ મંચ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો, જેથી લોકોથી લોકોના પારસ્પરિક સંબંધો અને સાંસ્કૃતિક સમજણને પ્રોત્સાહન મળે.

4. પ્રધાનમંત્રીએ જૂથની સુધારા-લક્ષી કાર્યસૂચિને સમર્થન વ્યક્ત કર્યું હતું. આ સંદર્ભમાં, તેમણે સંગઠિત અપરાધ, ડ્રગની હેરફેર અને સાઇબર સુરક્ષા સંબંધિત લડાઈ લડવા માટે કેન્દ્રોની સ્થાપનાનું સ્વાગત કર્યું હતું. તેમણે સંયુક્ત રાષ્ટ્ર સહિતની બહુપક્ષીય સંસ્થાઓમાં સુધારા માટે આ જૂથ દ્વારા સમાન અભિગમ અપનાવવા હાકલ કરી હતી. પ્રધાનમંત્રીનું સંપૂર્ણ ભાષણ અહીં [Link] પર જોઈ શકાય છે.

5. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ શી જિનપિંગનો ઉષ્માભર્યા આતિથ્ય બદલ આભાર માન્યો અને શિખર સંમેલનના સફળ આયોજન બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે SCO નું આગામી અધ્યક્ષપદ સંભાળવા બદલ કિર્ગિસ્તાનને પણ અભિનંદન આપ્યા હતા. શિખર સંમેલનના સમાપન પર, SCO સભ્ય દેશોએ તિયાનજિન ઘોષણાપત્ર અપનાવ્યું હતું. [લિંક]

તિયાનજિન, ચીન

01 સપ્ટેમ્બર, 2025